# પ્રથમ લેખિત કસોટી : ઓકટોબર-૨૦૧૭

તારીખ : ૧૦/૧૦/૨૦૧૭ ધોરણ-૮ સમય : ૧૧:૦૦ થી ૧૪:૦૦

વાર : મંગળવાર વિષય : સામાજિક વિજ્ઞાન કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ________

---

સૂચના : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

---

**પ્રશ્ન-1 (અ) નીચેના પ્રશ્નોના જવાબ યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો.** (5)

(1) વાસ્કો-દ-ગામા કયા દેશનો વતની હતો ?

(અ) ઈટલીનો (બ) સ્પેઈનનો

(ક) ફ્રાન્સ (ડ) પોર્ટુગલ

(2) વાતાવરણમાં નાઈટ્રોજન વાયુનું પ્રમાણ આશરે કેટલા ટકા છે ?

(અ) 21 ટકા (બ) 71 ટકા (ક) 78 ટકા (ડ) 25 ટકા

(3) નીચેના પૈકી કયા રાજ્યનો દત્તક પુત્રનો ગાદી પરનો હક અંગ્રેજોએ સ્વીકાર્યો ન હતો.

(અ) ઝાંસી (બ) અયોધ્યા

(ક) હૈદરાબાદ (ડ) કાનપુર

(4) વિશ્વમાં 'ઓઝોન દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ?

(અ) 28 ઓક્ટોબર (બ) 16 સપ્ટેમ્બર

(ક) 1 જાન્યુઆરી (ડ) 5 જૂન

(5) ભારતમાં સૌ પ્રથમ કયા શહેરો વચ્ચે રેલમાર્ગ શરૂ થયો.

(અ) મુંબઈ અને સતારા વચ્ચે (બ) મુંબઈ અને સુરત વચ્ચે

(ક) મુંબઈ અને થાણા વચ્ચે (ડ) મુંબઈ અને પુણે વચ્ચે

**(બ) બંધ બેસતા જોડકાં જોડો.** (4)

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
| --- | --- |
| (1) સહાયકારી યોજના | (1) રાજ્યસભા |
| (2) રાજ્યનો બંધારણીય વડો | (2) લોર્ડ વેલેસ્લી |
| (3) સંસદનું ઉપલુ ગૃહ | (3) મંગલપાંડે |
| (4) સ્વાતંત્ર્ય સંગ્રામનો પ્રથમ શહીદ | (4) રાજ્યપાલ |

Scanned by CamScanner

**પ્રશ્ન-2 (અ) યોગ્ય શબ્દો વડે નીચેના વિધાનોની ખાલીજગ્યા પૂરો.** (5)

(1) પૃથ્વી ઉપર કુલ .............. આવરણો આવેલા છે.

(2) .............. વાયુના વધારાને લીધે પૃથ્વીનું વાતાવરણ વધુ ઝડપથી ગરમ થઇ રહ્યું છે.

(3) ઝાંસીની રાણી લક્ષ્મીબાઇએ .............. ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અંગ્રેજો સામે લડત આપી.

(4) ભૂકંપના ઉદ્દભવ કેન્દ્રને .............. કહે છે.

(5) આપણા બંધારણની શરૂઆત .............. થી થાય છે.

**(બ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** (5)

(1) જીવાવરણમાં વિવિધ વાયુઓ આવેલા હોય છે.

(2) ન્યાયતંત્રે સંસદે ઘડેલા કાયદાઓનો અમલ કરવાનું કામ કરે છે.

(3) ક્રિસ્ટોફર કોલંબસે ભારત આવવાના જળમાર્ગની શોધ કરી.

(4) વૃક્ષો કાપવાથી $CO_2$ નું પ્રમાણ ઘટે છે.

(5) સ્વાતંત્ર્યસંગ્રામના આયોજકોએ છૂપા સંકેત તરીકે રોટલી અને ગુલાબનો ઉપયોગ કર્યો હતો.

**(ક) તમને આપવામાં આવેલ દુનિયાના નકશામાં નીચે આપેલી વિગતો યોગ્ય સંજ્ઞા કે નામ વડે દર્શાવો.** (5)

(1) ઓસ્ટ્રેલિયા

(2) પેસિફિક મહાસાગર

(3) કાલિકટ (બંદર)

(4) ગ્રિનિચ રેખા

(5) ઉત્તર અમેરિકા

**પ્રશ્ન-3 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર બે કે ત્રણ વાક્યોમાં લખો. (ગમે તે સાત)** (14)

(1) ભારત આવવાનો જળમાર્ગ શોધવાની શરૂઆત કોણે કોણે કરી ? તેમાં સફળતા કોને મળી હતી ?

Scanned by CamScanner

(2) આપણી પૃથ્વી વિશે તમે શું જાણો છો ? જણાવો.

(3) દુષ્કાળથી બચવા કયા કયા પ્રયત્નો કરવા જોઈએ.

(4) રોજિંદા જીવનમાં કયાં કયાં ઉપકરણો વાપરો છો, જેના થકી વૈશ્વિક તાપમાનમાં વધારો થાય છે ?

(5) વિલિયમ બેન્ટિકે ભારતમાં કયા કયા સુધારા કર્યા ?

(6) ઈ.સ. 1857 ના સ્વાતંત્ર્ય સંગ્રામના મુખ્ય આગેવાનો કોણ કોણ હતા ?

(7) ભારતના બંધારણને બંધારણ સમિતિએ કયારે સંમતિ આપી ? અને તેનો અમલ કયારથી થયો ?

(8) ડેલહાઉસીની ખાલસાનીતિનો ભોગ કયા કયા રાજ્યો બન્યા હતા ?

(9) ભારતના બંધારણની મુખ્ય વિશેષતાઓ કઇ કઇ છે ?

**(બ) નીચેના શબ્દોની સમજ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) ભૂકંપ નિર્ગમન કેન્દ્ર

(2) રાષ્ટ્રપતિ

(3) બંધારણ

(4) સતીપ્રથા

**પ્રશ્ન-4 યોગ્ય કારણો આપી વિધાનો પૂર્ણ કરો. (ગમે તે ચાર)** (12)

(1) યુરોપિયન પ્રજાને નવા જળમાર્ગો શોધવાની જરૂર પડી.

(2) રાજ્યસભાને કાયમી ગૃહ માનવામાં આવે છે.

(3) બરાકપુરની 19 મી પલટને નવી એન્ફિલ્ડ રાઈફલ સ્વીકારવાનો ઈન્કાર કર્યો.

(4) ભારતના ગૃહઉદ્યોગો નાશ પામ્યા.

(5) ઈ.સ. 1857 નો સ્વાતંત્ર્ય સંગ્રામ નિષ્ફળ રહ્યો.

**પ્રશ્ન-5 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. (ગમે તે ચાર)** (16)

(1) મૃદાવરણની ઉપયોગીતા જણાવો.

(2) 'પૂર' એટલે શું ? પૂરની અસર વધારે કયાં થાય છે ?

Scanned by CamScanner

(3) વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધી જાય તો શું થાય ?

(4) પ્લાસીનું યુદ્ધ કોની કોની વચ્ચે થયું ? તેનાં શાં પરિણામ આવ્યા ?

(5) ખાલસાનીતિની વિશેષતા જણાવો.

**(બ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** (8)

(1) ગ્લોબલ વોર્મિંગ અટકાવવાના પગલા.

(2) સંસદ

(3) અંગ્રેજ શાસન સમયે ખેડૂતોની સ્થિતિ.

---

Scanned by CamScanner